# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) **અમદાવાદ શહેર પોલીસ દ્વારા રાત્રી દરમિયાન કોમ્બિંગ કરીને એક હજાર સાતસો વાહન ડિટેઇન કરાયા**
2) **નાગરિકોની ફરિયાદોના નિવારણ માટેનો ઓન લાઇન ફરિયાદ નિવારણ સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ આવતીકાલે યોજાશે**
3) **મેડિકલ અને ડેન્ટલના પ્રવેશના વિશેષ રાઉન્ડમાં 60 વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો**
4) **રાજ્યમાં આગામી ત્રણ દિવસ દરમિયાન ઠંડી વધે તેવી શક્યતા દર્શાવતું હવામાન વિભાગ**
5) **છોટાઉદેપુરના હાફેશ્વર ગામને મળેલો "શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન સ્પર્ધા 2024"નો એવોર્ડ પ્રવાસન મંત્રી મુળુબેરાના હસ્તે ગ્રામ પંચાયતને સોંપવામાં આવ્યો**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Combing drive

અમદાવાદ સહિત ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે અમદાવાદ પોલીસ દ્વારા રાત્રે કોમ્બિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં 470થી વધુ લોકો નશાની હાલતમાં ઝડપાયા હતા. જેની સામે પ્રોહીબિશન એક્ટ અંતર્ગત ગુન્હો નોંધાયો છે. કોમ્બિંગ ડ્રાઈવમાં પોલીસે 21 હજાર 223 વાહનોનું ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાંથી 1685 લોકોને મેમો આપવામાં આવ્યા હતા. તેમજ એક જ રાતમાં 12 લાખ 82 હજાર 200 રૂપિયાનો દંડ વસુલવામાં આવ્યો હતો અને 1700થી વધુ વાહનો ડિટેઈન પણ કરવામાં આવ્યા હતા.

---

- ડેસ્ક- રિધ્ધિ

NAVIN

# CM ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આવતીકાલે બપોરે યોજાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આવતીકાલે બપોરે  રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

સામાન્ય નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો આવતીકાલે સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાક સુધીમાં મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

---------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા NAVIN

# MEDICAL ADDMISSION

રાજ્યમાં મેડિકલ અને ડેન્ટલના પ્રવેશ માટેના અંતિમ રાઉન્ડમાં 60 વિદ્યર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. પ્રવેશ માટેના સ્પેશ્યલ રાઉન્ડમાં ભાગ લેવા માટે 139 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. મેડિકલ અને ડેન્ટલ માટે અગાઉ ચાર રાઉન્ડ યોજાયા હતા. જોકે બેઠકો ખાલી રહેતા વિશેષ રાઉન્ડ યોજાયો હતો. આ પ્રવેશ અપાયા બાદ હવે પ્રવેશ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવામાં આવશે નહીં

---

- ડેસ્ક- હર્ષલ પંડ્યા

NAVIN

# Constitution Day

રાજ્યભરમાં ગઈકાલે 10મા બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા અને પ્રદેશ ભાજપ અનુ. જાતી મોરચા દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારી ડી. કે. બારિઆના અધ્યક્ષસ્થાને ભારતીય બંધારણના આમુખ વાંચનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પંચાયત હસ્તકની તમામ શાખાના અધિકારી-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર ખાતે નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, ભારતીય બંધારણના મુખ્ય સિદ્ધાંતોને ઉજાગર કરતા કાયદાકીય નિષ્ણાંતો, શિક્ષણવિદોની ઉપસ્થિતિમાં બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

-----------------------------------------------------------------

- ભાવનગર- પંચમહાલ-ગાંધીનગર- પીટીસી- રિધ્ધિ NAVIN

# Kunvarji Bavaliya – Gondal

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ રાજકોટના ગોંડલ તાલુકાના વાસાવડ ગામમાં નવનિર્મિત આયુષ્માન કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય મંદિરનું લોકાર્પણ કર્યું હતું.

મંત્રીએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં શહેર જેવી સુવિધાઓનું નિર્માણ થાય તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. શિક્ષણ, આરોગ્ય, રસ્તા, વીજળીની તમામ સુવિધાઓ લોકોને ત્વરિત મળે તે માટે સરકાર અનેક વિકાસકાર્યો હાથ ધરી રહી છે. આ નવનિર્મિત આરોગ્ય કેન્દ્રથી વાસાવડ ગામ તથા આસપાસના વિસ્તારમાં રહેતા લોકોનાં આરોગ્યને લગતી તમામ સારવાર આ કેન્દ્ર ખાતેથી નિ:શુલ્ક મળી રહેશે.

-----------

HINDUSATAN SAMACHAR, MITTAL PATEL, SONAL

# AMC DRIVE

અમદાવાદ મહાનગર પાલિકાએ પાન મસાલા ખાઇને ગંદકી કરનારા તેમજ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેંડા કરનારા લોકો સામે અભિયાન આદર્યુ છે. જે અંતર્ગત ઉત્તર ઝોન વિભાગ દ્વારા 162 એકમોને નોટિસ ફટકારીને દંડ વસૂલ કરાયો હતો.

જ્યારે પશ્ચિમ ઝોન વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા 211 એકમો સામે તપાસ કરીને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા અને લોકોના આરોગ્ય સાથે ચેંડા કરનારા 104 જેટલા એકમોને નોટિસ ફટકારીને વહિવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો.

---

- અખબારી યાદી- હર્ષલ પંડ્યા

NAVIN

# REVISE WEATHER

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યભરમાં વાતાવરણ સૂકું રહેવાની આગાહી કરી છે. હવામાન ખાતાના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા મુજબ આગામી ત્રણ દિવસ બાદ તાપમાનમાં એક થી બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની પણ સંભાવના છે.

(બાઇટ- અભિમન્યુ ચૌહાણ)

દરમિયાન  રાજ્યમાં છેલ્લાં 24 કલાક દરમિયાન સૌથી ઓછું 11.4 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ગાંધીનગરમાં નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 4.7 ડિગ્રી સેલ્સિયસ ઓછું છે. અમદાવાદમાં 15.9 ડિગ્રી, વડોદરામાં 13.8 ડિગ્રી અને સુરતમાં 20.4 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

---------------------------------------------------------------------

- PTC-AHMEDABAD-ASHISH PANCHAL, HINDUSTAN SAMACHAR, ANIL PATEL,SONAL, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# Tourism Competition Award

છોટાઉદેપુર જિલ્લાના હાફેશ્વર ગામને મળેલો "શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન સ્પર્ધા 2024"નો એવોર્ડ પ્રવાસન મંત્રી મુળુબેરાના હસ્તે ગ્રામ પંચાયતને સોંપવામાં આવ્યો છે.

આ પ્રસંગે પ્રવાસન મંત્રી મુળુ બેરાએ જણાવ્યું કે છોટાઉદેપુરના હાફેશ્વર ગામને ગુજરાતી પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. આ માટે ગુજરાત પ્રવાસન નિગમ તરફથી 10 કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં પાર્કિંગ, વૉટર જેટી, ઘાટ, કેફેટેરિયા, ગાર્ડન અને વોકવે જેવી સુવિધાઓનો સમાવેશ થશે.

ઉલ્લેખનીય છે કે 27 સપ્ટેમ્બર 2024ના રોજ હાફેશ્વર ગામને 'વિશ્વ પ્રવાસન દિવસ' નિમિત્તે કેન્દ્ર સરકારના પર્યટન મંત્રાલય દ્વારા હેરીટેજ કેટેગરીમાં "શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન સ્પર્ધા 2024"નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------

- મા.ખાતુ- રિધ્ધિ
NAVIN

# RAJKOT DEMOLITION

રાજકોટ જિલ્લા તંત્ર દ્વારા સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે કોમર્શિયલ બાંધકામોને દૂર કરાયા હતા.

રાજકોટ શહેરના પૂર્વ વિસ્તારના અંદાજિત બજાર કિંમતના સાત કરોડ પચાસ લાખની 1500 ચો.મી. થી વધુ જગ્યામાં ગેરકાયદે દબાણો તોડી પડાયાં હતા.

આ જમીન પરના ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની નોટિસ આપવામાં આવી હતી. દબાણકર્તાઓ દ્વારા બાંધકામ દૂર ન કરાતા દબાણો દૂર કરી દેવાયાં હતા. ખાલી કરાયેલી જમીન પર ફરીવાર દબાણ ના થાય તે માટે આ જમીનના ફરતે ફેન્સિંગ કરવામાં આવશે.

---

- પીટીસી- રાજકોટ –હર્ષલ પંડ્યા

NAVIN

# IOCL CAMP

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમીટેડ દ્વારા દાહોદ જિલ્લાના દિવ્યાંગો માટે  સાધન સહાય કેમ્પ યોજાયો હતો.

આઈ. ઓ. સી. એલ. ના CSRની ૫૪ લાખથી વધુ રૂપિયાની સહાય દ્વારા 167 દિવ્યાંગ ભાઈઓ - બહેનોને કુલ ૨૧૩ જેટલાં સાધન સહાયનું વિતરણ કરાયું હતું.. બેલકીટ, મોટરાઈઝ ટ્રાઈસિકલ, વ્હીલચેર, વોકિંગ સ્ટીક, સ્માર્ટફોન વગેરે સાધનોનું વિતરણ દિવ્યાંગ લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું.

---

- પીટીસી- દાહોદ, હર્ષલ પંડ્યા
NAVIN

# IKHEDUT.GUJARAT

આઈ. ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું છે અને 21 નવેમ્બરથી 20 ડિસેમ્બર સુધી WWW.IKHEDUT.GUJARAT.GOV.IN વેબસાઈટ પરથી અરજી કરી શકશે.

ખેડૂતોએ જરૂરી કાગળ સાથે અરજી કરવાની રહેશે અને ઓનલાઈન અરજીની સહીવાળી નકલ 7/12, 8-અ, આધારકાર્ડ, બેંક પાસબુક, અનુસૂચિત જાતિ હોય તો જાતિનું પ્રમાણપત્ર 31 ડિસેમ્બર સુધીમાં નાયબ બાગાયત નિયામકને જમા કરાવવાનું રહેશે.

-----------------------------------------------------------------------

- ન્યુઝ પેપર, હર્ષલ પંડયા, NAVIN

# Valsaad –atul vidhyalay

વલસાડની અતુલ વિદ્યાલયમાં જર્મનીના બે યુવાનો રીન્યુએબલ એનર્જીના પ્રચાર અર્થે આવ્યા છે.

વલસાડની અતુલ વિદ્યાલયમાં મૂળ જર્મનીના યુવાન ટોબાઇસે તેમની દુનિયામાં સૌથી મોટી સોલારથી ચાલતી કાર અને તેની સાથે કેરેવાનનું પ્રદર્શન કરી, વિદ્યાર્થીઓને રીન્યુએબલ એનર્જી વિશે પણ સમજ આપી હતી. જેમાં તેમણે પેટ્રોલિયમ પેદાશોનો વપરાશ ઘટાડી સોલાર એનર્જીથી ગ્લોબલ વોર્મિંગમાં કઇ રીતે સહયોગ આપી શકાય એની વિશેષ સમજણ આપી હતી. તેમણે આવનારી પેઢી રીન્યુએબલ એનર્જી તરફ ઢળે અને તેમનામાં તે અંગે સમજ વિકસે એ હેતુથી તેઓ ૧૦ થી વધુ દેશોમાં આ કાર લઇને ફરી રહ્યા છે.

અતુલ વિદ્યાલયના આચાર્યા હેમંતી પૌલે માહિતિ આપતા જણાવ્યું હતું કે, સોલાર બટરફ્લાય વિશ્વનું સૌથી મોટું સોલાર પાવર સંચાલિત વાહન છે. દક્ષિણ ભારતથી ઉત્તર ભારત સુધીની ખ્યાતનામ સ્કૂલોમાં ફરીને આવેલી આ ટીમ અતુલ વિદ્યાલયમાં આવી હતી. તેઓ અહીંથી મહારાષ્ટ્ર જશે અને પછી ત્યાંથી શિપ મારફતે આફ્રિકા જશે.

-----------

PTC-VALSAD-NAVIN PATEL, MITTAL PATEL, SONAL

# ISC-FICCI

ગુજરાતના ગોબરધન અને ગ્રે વોટર મેનેજમેન્ટ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારને દિલ્હી ખાતે "ISC-FICCI સેનિટેશન એવોર્ડ-૨૦૨૪" એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

ગઈકાલે FICCI ફેડરેશન હાઉસ, દિલ્હી ખાતે આયોજિત ISC-FICCI સેનિટેશન એવોર્ડની ૮મી આવૃત્તિમાં ગુજરાતને આ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો છે.

આ અંગે ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર તરફથી ગ્રામ વિકાસ કમિશનર કચેરી દ્વારા ચાર કેટેગરીમાં નામાંકન કરવામાં આવ્યું હતું. એવોર્ડ કમિટી દ્વારા "સરકાર માટે ખાસ સન્માન" કેટગરી હેઠળ ગુજરાતના ગોબરધન અને ગ્રે વોટર મેનેજમેન્ટ પ્રોજેક્ટની પસંદગી કરાઈ હતી.

શ્રી પટેલે જણાવ્યું  કે, ગોબરધન યોજના હેઠળ ઘન કચરા વ્યવસ્થાપન માટે ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ સાત હજાર 411 બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે.

--------------------------------------------------------------------

- રીપીટ